અમદાવાદ (ગ્રામ્ય) ની ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, રૂમ નં. 513, પાંચમો માળ, મીરઝાપુર, અમદાવાદ.

**ફોજદારી કેસ નં.૧૦૯૭૮/૨૨**

ફરીયાદીઃ– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઃ– આકાશ કુસ્વાહ

ફરીયાદી તર્ફે એ. પી. પી. શ્રી અને આરોપી તર્ફે વિ. વ. શ્રી

ગુનોઃ– જિ. પી. એકટની કલમ – 102, 117 મુજબ .

**–: ચુ કા દો :–**

1. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ અડચણરૂપ રીતે લારી / વસ્તુઓ રાખેલ હોવાનો આ ફરીયાદ મુજબનો આક્ષેપ છે.
2. જે અન્વયે આરોપીએ સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરેલી છે.
3. આરોપી ગુનો કબુલ કરતા હોઈ આરોપીની આર્થીક તેમજ સામાજિક સ્થીતી તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવરજી ઠાકોર ૨૦૦૫(૧) જિ. એલ. આર. પાના નં. ૭૦૯ વાળા ચુકાદામાં જણાવ્યા મુજબ જો ખાસ સંજોગો હોય તો કાયદામાં જણાવેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા કોર્ટ કરી શકે જે સિધ્ધાંતને ધ્યાને રાખીને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આ ખ રી હુ ક મ :–**

આ કામના આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ – 252 અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવી જિ. પી. એકટની કલમ – 102, 117 મુજબના ગુનામાં કસુરવાર ઠરાવી રૂ. ૫૦/– (અંકે રૂપિયા પચાસ) પુરા જો આરોપી દંડ ને ભરે તો દિન – 2 ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા. 26/6/2022
અમદાવાદ

(રઘુવિરસિંહ અનિરૂધ્ધસિંહ ઝાલા)
UIC CODE NO. GJ00938
ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર.